પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૨૯ અંક : ૧૪૭ કુલ પાના : ૪ તારીખ : ૧૩-૦૨-૨૦૨૬ શુક્રવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બાંગ્લાદેશમાં સંસદીય ચૂંટણી માટે મતદાન દરમિયાન ૪૩ જગ્યાએ અથડામણ, મુન્શીગંજમાં બોમ્બ વિસ્ફોટ



ઢાકા

બાંગ્લાદેશમાં સંસદીય ચૂંટણી માટે મતદાન થયું છે. લગભગ ૧૮ મહિના પહેલા, એક વિદ્યાર્થી બળવાએ તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાની સરકારને ઉથલાવી દીધી હતી.આથી મતદાન થયું છે આ દરમિયાન મતદાન મથકો પર લોકોનો ઉત્સાહ જોવા મળ્યો છે. મોટી સંખ્યામાં મહિલાઓ પણ મતદાન કેન્દ્રો પર પહોંચી હતી, જેમાં નોંધપાત્ર સંખ્યામાં હિન્દુ નાગરિકોનો સમાવેશ થાય છે. આ વચ્ચે, મુન્શીગંજમાં બોમ્બ ફેંકવા સહિત અનેક સ્થળોએ અથડામણના અહેવાલો મળ્યા છે. બાંગ્લાદેશ ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુરુવારે મતદાન દરમિયાન અનેક મતદાન મથકો પર ખલેલ અને અરાજકતાના બનાવો નોંધાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશભરમાં ૧૪૦ મતદાન મથકો પર ખલેલ પહોંચી હતી. ૪૩ મથકો પર ઝઘડા અથડામણ, અને ચાર મથકો પર મતદાન એજન્ટોને કથિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે ગોપાલગંજમાં મતદાન દરમિયાન એક મતદાન મથક પર ક્રૂડ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જેમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા.

બાંગ્લાદેશના મીડિયા અનુસાર આજે સવારે મુન્શીગંજ સદર ઉપજિલ્લામાં મખાતી ગુરુચરણ હાઈ સ્કૂલમાં ક્રૂડ બોમ્બ વિસ્ફોટ થયો હતો, ત્યારબાદ બંને બાજુથી ગોળીબાર થયો હતો. સદર પોલીસ સ્ટેશનના અધિકારી (ઓસી) મોહમ્મદ મોમિનુલ ઈસ્લામે પુષ્ટિ આપી હતી કે બે હરીફ ઉમેદવારોના સમર્થકો વચ્ચે સવારે ૧૦:૦૦ વાગ્યે અથડામણ થઈ હતી. જોકે, કોઈ જાનહાનિની પુષ્ટિ થઈ નથી.બાંગ્લાદેશના ચૂંટણી પંચે વ્યાપક સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે ઈતિહાસમાં પહેલીવાર અંદાજે ૧૦ લાખ સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા હતાં. દેશભરના ૨૯૯ સંસદીય મતવિસ્તારોમાં સવારે ૭:૩૦ થી સાંજના ૪:૩૦ વાગ્યા સુધી મતદાન થયું હતું આ ચૂંટણીમાં ૫૦ રાજકીય પક્ષોના કુલ ૧,૭૫૫ ઉમેદવારો અને ૨૭૩ અપક્ષ ઉમેદવારો મેદાનમાં હતાં

બાંગ્લાદેશમાં મતદાન સમાપ્ત થયા પછી, હવે મત ગણતરી શરૂ થઈ ગઈ છે. મુખ્ય સ્પર્ધા જમાત-એ-ઈસ્લામી અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી વચ્ચે છે. બાંગ્લાદેશમાં ચૂંટણીઓ મતપત્રોનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.બાંગ્લાદેશ સંસદમાં ૩૫૦ સભ્યો છે. ૩૦૦ સીધા ચૂંટાય છે, જ્યારે ૫૦ મહિલાઓ માટે અનામત છે. આ પ્રથમ-ભૂતપૂર્વ-પોસ્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

બીએનપી વડા તારિક રહેમાને આજે ચૂંટણી પરિણામો વહેલા જાહેર કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે મતદારોને તેમના મતના પરિણામો શક્ય તેટલી વહેલી તકે જાણવા માટે અસરકારક પગલાં લેવા જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે પરિણામો જાહેર કરવામાં કોઈપણ વિલંબ મૂંઝવણ તરફ દોરી શકે છે. જો ચૂંટણીમાં કોઈપણ પ્રકારની હેરાફેરી અથવા મૂંઝવણ થાય છે, તો પરિણામો સ્વીકારવામાં આવશે નહીં.બાંગ્લાદેશની ચૂંટણી લડી રહેલા ૬૦ વર્ષીય બીએનપી નેતા મોહિબુઝમાન કોચીનું ખુલનાના એક મતદાન મથક પર મતદાન કરવા જતા સમયે મૃત્યુ થયું. અહેવાલો દર્શાવે છે કે આ ઘટના સવારે ૯ વાગ્યાની આસપાસ બની હતી.બીએનપી અનુસાર, મતદાન કરવા માટે મતદાન મથક પર પહોંચ્યા પછી, મતદાન મથક પર હરીફ જમાતના સભ્યોએ તેમને કથિત રીતે ધક્કો માર્યો હતો. તેઓ પડી ગયા અને તેમના માથામાં ઈજા થઈ. તેમને એક ખાનગી મેડિકલ કોલેજ-હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. મૃતક લાંબા સમયથી હૃદયની બીમારીથી પીડાતા હતા અને આજે મતદાન કરતી વખતે તેઓ તણાવમાં હતા.રાષ્ટ્રીય નાગરિક પક્ષની ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના સચિવ મોનીરા શર્મીને સામાન્ય ચૂંટણીઓમાં અસંખ્ય અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો છે. તેમણે ચેતવણી આપી હતી કે ચૂંટણી પરિણામો સાથે છેડછાડ કરવાનો કોઈપણ પ્રયાસ સહન કરવામાં આવશે નહીં. શર્મિને જણાવ્યું હતું કે બપોર સુધી મતદાન સામાન્ય રીતે સરળતાથી ચાલી રહ્યું હતું, પરંતુ તે પછી, ગેરરીતિઓની ફરિયાદો સામે આવી, પરંતુ અધિકારીઓએ તેમની સામે કોઈ કાર્યવાહી કરી નહીં.જમાત-એ-ઈસ્લામીના અમીર ડૉ. શફીકુર રહેમાને ગુરુવારે ચૂંટણી દરમિયાન વ્યવસ્થા જાળવવામાં સેનાની ભૂમિકાની પ્રશંસા કરી. ઢાકામાં પાર્ટીના સેન્ટ્રલ ઈલેક્શન ઓફિસમાં એક બ્રીફિંગમાં બોલતા, તેમણે આરોપ લગાવ્યો કે બીએનપી સમર્થકોએ વિવિધ વિસ્તારોમાં મતદાન કેન્દ્રો પર કબજો કર્યો હતો, પરંતુ સેનાએ તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો. તેમણે કહ્યું, "ઘણી જગ્યાએ,બીએનપી સમર્થકોએ કેન્દ્રો પર કબજો કરવાનો પ્રયાસ કર્યો. જોકે, સેનાએ ઝડપથી તે કેન્દ્રો મુક્ત કરાવ્યા. દેશભરમાં સેનાની ભૂમિકા પ્રશંસનીય છે."

ઐતિહાસિક સામાન્ય ચૂંટણીઓ દરમિયાન વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર ડૉ. મુહમ્મદ યુનુસે મતદાન કર્યા પછી કહ્યું, "આજે નવા બાંગ્લાદેશનો જન્મદિવસ છે." દરમિયાન,બીએનપી અધ્યક્ષ તારિક રહેમાને મતદાન કર્યા પછી વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. જમાત-એ-ઈસ્લામીના અમીર શફીકુર રહેમાને કહ્યું, "જો ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી હોય, તો અમે પરિણામો સ્વીકારીશું."વડાપ્રધાન પદના ઉમેદવાર અને બીએનપી નેતા તારિક રહેમાને જણાવ્યું છે કે જો તેમનો પક્ષ જીતશે, તો દેશમાં શૂન્ય-સહિષ્ણુતાની નીતિ લાગુ કરવામાં આવશે. તેઓ ભ્રષ્ટાચાર સામે કડક પગલાં લેવા અને બાંગ્લાદેશને નવા, સ્વચ્છ રાજકારણના માર્ગ પર લઈ જવાનું વચન આપે છે.

### અમદાવાદમાં ઘટેલી પ્લેન ક્રેશ દુર્ઘટના

## કોઈ ટેક્નિકલ ખામીના કારણે ઘટેલી ઘટના નહતી પરંતુ ઈરાદાપૂર્વક કરવામાં આવેલું કૃત્ય હતું



નવીદિલ્હી

અમદાવાદમાં ૧૨ જૂનનો દિવસ ઈતિહાસમાં કાળા અક્ષરોએ ચિતરાઈ ગયો. આ એ જ દિવસ હતો જ્યારે લંડન જવાના અભરખા લઈને ઉપડેલા અનેક મુસાફરોની જિંદગી પળભરમાં કાળના ખપ્પરમાં હોમાઈ ગઈ. અનેક આશાસ્પદ ભાવિ તબીબોની જિંદગી હણાઈ ગઈ. અમદાવાદ આ દિવસ ક્યારેય ભૂલી શકશે નહીં. હવે આ પ્લેન ક્રેશની ઘટના વિશે એક ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. ઈટાલિયન અખબાર કોરિયેરે ડેલા સેરાના રિપોર્ટમાં બે સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે પ્લેન ક્રેશની આ ઘટના કોઈ ટેક્નિકલ ખામીના કારણે નહીં પરંતુ જાણી જોઈને કરવામાં આવેલી ઘટના છે. એટલે કે ઈન્ટેશન્લ એકટ નું પરિણામ છે.

અત્રે જણાવવાનું કે ૧૨ જૂનના રોજ અમદાવાદના એરપોર્ટથી લંડન જવા ઉડેલું એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ ડ્રીમ લાઈનનર વિમાન ફ્લાઈટ ૧૭૧ ગણતરીની પળોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું અને તેમાં કુલ ૨૬૦ જેટલા લોકોના જીવ ગયા હતા. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા જેમાંથી માત્ર એક જ વ્યક્તિનો જીવ બચ્યો હતો. જ્યારે વિમાન મેઘાણીનગર વિસ્તારમાં એક મેડિકલ હોસ્ટેલ સાથે અથડાતા ત્યાં હાજર ૧૯ લોકો પણ તેનો ભોગ બન્યા હતા. વિમાને જેવી ઉડાણ ભરી ત્યારબાદ લગભગ ૩૨ સેકન્ડ પછી જ બંને એન્જિનોએ તેમનો પાવર ગુમાવી દીધો અને મેડિકલ વિદ્યાર્થીઓની હોસ્ટેલ પર તૂટી પડ્યું. એવું કહેવાય છે કે બંને એન્જિન બંધ થઈ ગયા હતા.

ઈટલીના અખબારે હવે આ ઘટનાની જે તપાસ ચાલી રહી છે તે અંગે એક ચોંકાવનારો દાવો કર્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય તપાસકારોએ તારણ પર પહોંચ્યા છે કે ૧૨ જૂને થયેલી પ્લેન ક્રેશની દુર્ઘટના એ કોઈ ટેક્નિકલ ખામીના કારણે નહીં પરંતુ ઈરાદાપૂર્વક કરવામાં આવેલા કાર્યનું પરિણામ હતું અને હવે ઓફિશિયલ્સ ફાઈનલ રિપોર્ટ તૈયાર કરી રહ્યા છે. અખબારે એવું પણ જણાવ્યું કે તપાસમાં મદદ કરી રહેલા યુએસ એક્સપર્ટ્સે આ તારણને એક 'મોટી સફળતા' ગણાવી.

ઈટલીના અખબારે પશ્ચિમી વિમાનન એજન્સીઓના સૂત્રોના હવાલે લખ્યું છે કે તપાસમાં કોઈ ટેક્નિકલ ખામીના પુરાવા મળ્યા નથી. આ સાથે જ કોકપિટ વોઈસ રેકોર્ડરના સાફ કરાયેલા ઓડિયો રેકોર્ડિંગના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે કયા પાઈલોટે ફ્યૂલ સ્વિચને રનથી કટ ઓફની સ્થિતિમાં કરી હતી. જેના કારણે આ દુર્ઘટના ઘટી. જો કે અંતિમ રિપોર્ટમાં કોઈ એક પાયલોટને જવાબદાર ઠેરવવામાં આવશે કે નહીં કે વિસ્તૃત રીતે જણાવવામાં આવશે કે નહીં તે હજુ સુધી સ્પષ્ટ નથી. રિપોર્ટમાં કહેવાયું છે કે શંકાની સોઈ વિમાનના કમાન્ડર સુમીત સભરવાલ તરફ છે જેમનું આ અકસ્માતમાં મોત થયું હતું. જો કે ઈટાલિયન અખબારના આ રિપોર્ટ પર ભારતના એરક્રાફ્ટ એક્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો અને મિનિસ્ટ્રી ઓફ સીવીલ એવિએશન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. અમેરિકી તપાસ એજન્સી એનટીએસબીના પ્રવક્તા પીટર સી નડસને પણ અખબારને ભારતીય એજન્સીને સંપર્ક કરવા જણાવ્યું છે.

## ધોરણ ૧૦, ૧૨ અને ગુજકેટ પરીક્ષાઓ માટે વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦, ૧૨ અને ગુજકેટ પરીક્ષાઓ માટે વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરી છે. રાજ્યભરમાં લાખો વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના હોવાથી સુરક્ષા, પરિવહન અને સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની મહત્વપૂર્ણ બેઠકમાં આવનારી બોર્ડ પરીક્ષાઓ અને ગુજકેટ અંગે વિગતવાર આયોજનની સમીક્ષા કરવામાં આવી. રાજ્યભરમાં આ વર્ષે કુલ ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હોવાથી વ્યવસ્થાઓને વધુ સઘન બનાવવામાં આવી છે.બોર્ડના અધિકારીઓએ માહિતી આપી કે ધોરણ ૧૦ની પરીક્ષા માટે અંદાજે ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહમાં ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થઈ ૧૮ માર્ચ સુધી વિવિધ કેન્દ્રો પર યોજાશે.રાજ્યભરમાં હજારો પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી મોનિટરિંગ, સ્ટેટિક ઓબ્ઝર્વર અને ફ્લાઈંગ સ્ક્વોડની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નકલ રોકવા માટે ખાસ સેલ કાર્યરત કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યાર્થીઓને સમયસર કેન્દ્ર સુધી પહોંચાડવા માટે જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન કરવામાં આવ્યું છે.વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને પરીક્ષા કેન્દ્રોમાં તાત્કાલિક તબીબી સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. બોર્ડ દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓ કોઈપણ સમસ્યા માટે સંપર્ક કરી શકે.

આ ઉપરાંત, ૨૯ માર્ચે યોજાનારી ગુજકેટ પરીક્ષા માટે પણ વિશેષ આયોજન હાથ ધરાયું છે. અંદાજે ૧.૩૫ લાખ વિદ્યાર્થીઓ આ પ્રવેશ પરીક્ષામાં બેસવાના છે. ઈજનેરી અને ફાર્મસી જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.શિક્ષણવિદોના જણાવ્યા મુજબ, યોગ્ય આયોજન અને પારદર્શિતા સાથે પરીક્ષાઓનું સફળ આયોજન રાજ્યના શિક્ષણ તંત્ર માટે મહત્વપૂર્ણ સિદ્ધિ સાબિત થશે. વિદ્યાર્થીઓને પણ શાંતિપૂર્વક અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અપીલ કરવામાં આવી છે.

## મુઝફ્ફરનગરમાં એન્કાઉન્ટર: ૫૦,૦૦૦ ઈનામી માર્યા ગયા, બે પોલીસકર્મી ઘાયલ



મુઝફ્ફરનગર

એનકાઉન્ટરમાં ગુનેગારનું મોતઃ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના બુઢાણામાં પોલીસ અને બે ગુનેગારો વચ્ચે થયેલી એક્રાઉન્ટરમાં ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ ધરાવતો અમજદ માર્યો ગયો. ઈન્સ્પેક્ટર સંદીપ અને કોન્સ્ટેબલ અશફાક ઘાયલ થયા. એસપી રૂરલ આદિત્ય બંસલના બુલેટપ્રૂફ જેકેટમાં પણ ગોળી વાગી હતી. ગુનેગારનો સાથી ભાગી ગયો.

એસપી સંજય કુમાર વર્માએ જણાવ્યું હતું કે ગુરુવારે સવારે લગભગ ૩ વાગ્યે, બુઢાણા પોલીસ સ્ટેશન, તિતાવી પોલીસ સ્ટેશન અને શાહપુર પોલીસ સ્ટેશનની પોલીસની સંયુક્ત ટીમે બુઢાણામાં બે બાઈક સવાર ગુનેગારોનો સામનો કર્યો. જ્યારે પોલીસે ગુનેગારોને રોકવાનો સંકેત આપ્યો, ત્યારે તેઓએ અચાનક ગોળીબાર કર્યો. પોલીસની જવાબી કાર્યવાહીમાં, શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારના હરસોલી ગામના રહેવાસી અમજદ, જેના પર ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ હતું, ઘાયલ થયો હતો, જ્યારે તેનો સાથી ભાગી ગયો હતો. ગુનેગાર પાસેથી એક પિસ્તોલ અને એક કાર્બાઈન મળી આવી હતી.

ઘાયલ અમજદને બુઢાણા સીએચસી લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તે આંતરરાજ્ય ગુનેગાર હતો. તેની સામે મેરઠ, બિજનૌર, મુઝફ્ફરનગર, સહારનપુર, શામલી, બાગપત અને ગાઝિયાબાદ સહિત અનેક જિલ્લાઓમાં હત્યા, લૂંટ, ચોરી અને ગેંગસ્ટરિઝમ જેવા ગંભીર આરોપો હેઠળ લગભગ ૪૦ કેસ નોંધાયેલા હતા. તે બુઢાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે લૂંટના કેસમાં વોન્ટેડ હતો. બુઢાણા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સંદીપ અને કોન્સ્ટેબલ અશફાક એક્રાઉન્ટરમાં ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એસપી રૂરલ આદિત્ય બંસલના બુલેટપ્રૂફ જેકેટ અને તેની કાર પર ગોળીઓ વાગી હતી. પોલીસે ગુનેગાર પાસેથી કેટલાક ઘરેણાં અને અન્ય દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા.

## વડોદરામાં શિવરાત્રિનો ભવ્ય ઉત્સવ, ગૃહમંત્રી અમિતભાઈ શાહ 'શિવજી કી સવારી'માં ઉપસ્થિત રહેશે



વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં આ વર્ષે મહાશિવરાત્રિના પાવન પર્વની ઉજવણી અત્યંત ભવ્ય અને યાદગાર બની રહેશે. આગામી ૧૫મી તારીખે યોજાનારી પ્રસિદ્ધ 'શિવજી કી સવારી'માં ભારત સરકારના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહેશે. લગભગ ૨૨ મહિનાના લાંબા અંતરાલ બાદ અમિતભાઈ શાહ વડોદરાની મુલાકાતે આવી રહ્યા હોવાથી કાર્યકરો અને નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.વડોદરામાં દર વર્ષે મહાશિવરાત્રિ નિમિત્તે 'સત્યમ શિવમ સુંદરમ સમિતિ' દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ સવારીમાં ભગવાન શિવ નંદી સવાર થઈ નગરચર્યાએ નીકળે છે. આ વર્ષે કેન્દ્રીય ગૃહમંત્રી આ સવારીને આવકારવા માટે ખાસ ઉપસ્થિત રહેશે. તેઓ નિર્ધારિત સ્થળે ભગવાન શિવની મૂર્તિનું પૂજન-અર્ચન કરી ભવ્ય મહા આરતીમાં સહભાગી થશે.

કેન્દ્રીય ગૃહમંત્રીની મુલાકાતને પગલે સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સુરક્ષાના કડક બંદોબસ્તની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૨૨ મહિના બાદ તેમનું આગમન થઈ રહ્યું હોવાથી ભારતીય જનતા પાર્ટીના સંગઠન દ્વારા પણ તેમના ભવ્ય સ્વાગત માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ મુલાકાત માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ નહીં, પરંતુ રાજકીય રીતે પણ મહત્વની માનવામાં આવી રહી છે.

વડોદરાની આ 'શિવજી કી સવારી' સમગ્ર ગુજરાતમાં જાણીતી છે, જેમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાય છે. ગૃહમંત્રીની હાજરીથી આ ઉત્સવની ગરિમામાં વધારો થશે. તેઓ આ મુલાકાત દરમિયાન શહેરના અગ્રણીઓ સાથે મુલાકાત કરી શકે તેવી પણ સંભાવના છે. શિવરાત્રિના દિવસે સમગ્ર શહેર 'હર હર મહાદેવ'ના નાદ સાથે ગુંજી ઉઠશે.

## અમેરિકાએ પોતાના દરવાજા ખોલી નાખ્યા છે! ભારતીય માલ હવે કરમુક્ત વેચાશે, પીયૂષ ગોયલ

નવીદિલ્હી

ભારતીય કાપડ ઉદ્યોગ અને નિકાસકારો માટે યુએસ તરફથી એક સ્વાગત સમાચાર આવી રહ્યા છે. લાંબા સમયથી એવી ચિંતા હતી કે અમેરિકન બજારમાં બાંગ્લાદેશી કાપડ વેપારીઓને આપવામાં આવતી ખાસ છૂટછાટોથી ભારતીય વેપારમાં ઘટાડો થઈ શકે છે. જોકે, વાણિજ્ય મંત્રાલયે હવે સંકેત આપ્યો છે કે બાંગ્લાદેશની જેમ ભારતને પણ શૂન્ય-ડ્યુટીનો લાભ મળશે.વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં નક્કી કરવામાં આવ્યું છે કે ભારતીય નિકાસકારોને બાંગ્લાદેશ જેવા જ લાભ મળશે. આનો સીધો અર્થ એ છે કે જો ભારતીય કાપડ ઉત્પાદકો અમેરિકામાંથી કપાસ ખરીદે છે, તેને કાપડમાં પ્રોસેસ કરે છે અને તેને અમેરિકામાં પાછું નિકાસ કરે છે, તો તેમના પર કોઈ આયાત ડ્યુટી લાગશે નહીં.આ વ્યવસ્થાને "પારસ્પરિક ટેરિફ" હેઠળ જોવામાં આવી રહી છે, જેનો અર્થ પારસ્પરિક ટેરિફ લાભ થાય છે. સરકાર માને છે કે આ પગલાથી ભારતીય વસ્ત્રો યુએસ બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. અગાઉ, ભારતીય નિકાસકારોને ડર હતો કે જો બાંગ્લાદેશને નોંધપાત્ર ડ્યુટી મુક્તિ મળે અને ભારતને ન મળે, તો તેમના ઓર્ડર ઘટી શકે છે. પરંતુ પ્રસ્તાવિત કરારથી આ ભય મોટાભાગે ઓછો થઈ ગયો છે.આ વેપાર કરાર અંગે સંસદમાં રાજકીય તાપમાન પણ વધી ગયું છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના વેપાર કરારમાં બાંગ્લાદેશને ભારત કરતાં વધુ સારી શરતો મળી છે. કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલે આ દાવાનો કડક જવાબ આપ્યો અને સંસદમાં સરકારનો પક્ષ રજૂ કર્યો.પિયુષ ગોયલે સ્પષ્ટતા કરી કે વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવતી ખોટી માહિતી સંપૂર્ણપણે ખોટી છે. તેમણે કહ્યું, "સંસદમાં એક જૂઠાણું ફેલાવવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશને ભારત કરતાં વધુ ફાયદો થયો છે. સત્ય એ છે કે જેમ બાંગ્લાદેશ અમેરિકન કાચા માલના ઉપયોગ પર શૂન્ય ટેરિફનો આનંદ માણે છે, તેમ ભારતને પણ તે જ લાભ મળશે." ગોયલે એમ પણ કહ્યું કે આ કરારનું માળખું હાલમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે, અને વચગાળાના કરારને અંતિમ સ્વરૂપ મળતાંની સાથે જ, બધી શરતોને બારીક છાપામાં જાહેર કરવામાં આવશે.આ સમગ્ર વિકાસની પૃષ્ઠભૂમિ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ અને બાંગ્લાદેશ દ્વારા જારી કરાયેલ સંયુક્ત નિવેદન છે. તે નિવેદનમાં, યુએસએ જાહેરાત કરી હતી કે તે બાંગ્લાદેશી માલ પરના તેના ટેરિફ ઘટાડીને ૧૯% કરશે અને અમેરિકન કપાસમાંથી બનેલા કપડાં પર શૂન્ય-ડ્યુટી એક્સેસ આપશે. આ જાહેરાતથી ભારતીય બજારમાં મૂંઝવણ ઊભી થઈ, જે હવે ભારત સરકારે સ્પષ્ટ કરી છે.વધુમાં, પિયુષ ગોયલે દેશના ખેડૂતોને પણ ખાતરી આપી હતી. ઘણીવાર, મુક્ત વેપાર કરારો એવી ચિંતાઓ ઉભી કરે છે કે વિદેશી કૃષિ ઉત્પાદનો ભારતીય બજારમાં છલકાઈ જશે, જેનાથી સ્થાનિક ખેડૂતોને નુકસાન થશે. ગોયલે જણાવ્યું હતું કે ભારતમાં ઉત્પાદિત લગભગ ૯૦ થી ૯૫ ટકા કૃષિ ઉત્પાદનોને આ કરારમાંથી બાકાત રાખવામાં આવ્યા છે, જેનો અર્થ છે કે અમેરિકન કૃષિ ઉત્પાદનો ભારતમાં છલકાશે નહીં.

---

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

કેસ.નં.૪૩૫/૨૦૨૫ તા.૧૨/૦૨/૨૬

અરજદારઃ બામણયા કમલેશભાઈ રાવજીભાઈ રહે.ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળા; તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

-:: જાહેર નોટીસ ::-

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત. આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી બામણયા કમલેશભાઈ રાવજીભાઈના પુત્ર/પુત્રી (૧)બામણયા વિશાલભાઈ કમલેશભાઈનો જન્મ તા.૦૨/૦૩/૨૦૧૧નારોજ ગામ.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે (૨) બામણયા લક્ષ્મીબેન કમલેશભાઈનો જન્મ તા.૨૨/૦૬/૨૦૧૨ નારોજ ગામ.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્ર/પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૧૨/૦૨/૨૦૨૬

સ્થળ : ગરબાડા

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

---

**જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

અરજદારઃ- બારીઆ અર્જુનસિંહ જોખનાભાઈ, રહે.ઘરોલા ખુર્દ, તા.શહેરા, જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, ઘરોલા ખુર્દ, તા. શહેરા, જિ.પંચમહાલ.

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે બારીઆ સુરતીબેન જોખનાભાઈનું તા.૦૧/૦૧/૧૯૭૩ ના રોજ મોજે.ઘરોલા ખુર્દ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં. ૨૦૦/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવી. જો મુદત સમયમાં કોઈ વાધો કે તકરારા નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા.૧૦ માહે ફેબ્રુઆરી -સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

---

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

અરજદારઃ- શેખ મુર્તજાભાઈ યુસુફભાઈ, રહે.શહેરા, તા.શહેરા, જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી, નગરપાલીકા શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ.

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના (૧) ભત્રીજા નામે શેખ ઈકબાલ ઈનાયતભાઈનું તા.૦૩/૦૬/૧૯૬૧ (૨) ભત્રીજા નામે શેખ સત્તારભાઈ ઈનાયતભાઈનું તા.૦૧/૦૬/૧૯૬૪ તથા (૩) ભત્રીજા નામે શેખ મુજેફર ઈનાયતભાઈનું તા.૦૭/૦૫/૧૯૭૭ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભત્રીજાઓના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૧૨૪/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવી. જો મુદત સમયમાં કોઈ વાધો કે તકરારા નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા.૧૨ માહે ફેબ્રુઆરી -સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

---

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

અરજદારઃ- શેખ મજીદભાઈ યુસુફભાઈ, રહે.શહેરા, તા.શહેરા, જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબ રજીસ્ટારશ્રી, નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે શેખ નસીમ યુસુફનું તા.૦૧/૦૧/૧૯૮૧ તથા પુત્રી નામે શેખ સાનિયાબાનુ મજીદનું તા.૦૫/૦૯/૨૦૦૫ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેન/પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૧૧૦/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવી. જો મુદત સમયમાં કોઈ વાધો કે તકરારા નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા.૧૨ માહે ફેબ્રુઆરી -સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

# વિરપુર તાલુકા આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોએ પડતર માંગણીઓને લઈ હડતાળ કરી મામલતદારને આવેદન આપ્યુ

વિરપુર,
વિરપુર તાલુકાના આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોએ તેમની પડતર માંગણીઓ માટે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. અંદાજે ૨૦૦થી વધુ આંગણવાડી વર્કરો એક દિવસની હડતાળ પર ઉતર્યા હતા. તેમણે રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

કર્મચારીઓનો મુખ્ય આરોપ છે કે તેમને મળતા વળતર કરતાં કામગીરીનું ભારણ અનેકગણું વધારે છે. આંગણવાડી બહેનો બાળ પોષણ, આરોગ્ય સેવાઓ, રસીકરણ, પોષણ ટ્રેકિંગ, સર્વેક્ષણ અને સરકારી યોજનાઓના અમલ જેવા મહત્વપૂર્ણ કાર્યો ઓછા વેતન અને ભારે કામના બોજ સાથે કરી રહી છે. વર્તમાન મોંઘવારીના પ્રમાણમાં તેમનું વેતન અત્યંત અપૂરતું છે.

તાજેતરમાં, સરકારે ઓનલાઈન કામગીરીમાં સતત વધારો કર્યો છે. પોષણ ટ્રેકર એપ્લિકેશન, રિપોર્ટિંગ, ડેટા એન્ટ્રી, ફોટો અપલોડ, FRS સિસ્ટમ અને OsTP સિસ્ટમ જેવી રોજિંદી ઓનલાઈન કામગીરીને કારણે તેમના અંગત મોબાઈલ પણ હવે યોગ્ય રીતે કામ કરતા નથી. એપ આધારિત કામગીરીને લીધે યોજનાની મુખ્ય છ સેવાઓ અને બાળકોના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે. આથી, ઓનલાઈન કામગીરીનું ભારણ ઓછું કરવાની માંગ કરવામાં આવી છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, આગામી રાજય બજેટમાં આંગણવાડી વર્કર અને હેલ્પરને હાઈકોર્ટના આદેશ મુજબ વેતન વધારો આપવા, તેમને નિયમિત કર્મચારીનો દરજ્જો, પેન્શન અને સામાજિક સુરક્ષાના લાભો આપવા, તાત્કાલિક સારી કંપનીના નવા મોબાઈલ ફોન પૂરા પાડવા અને મોબાઈલ ઈન્સેન્ટિવ નિયમિત કરવા જેવી માંગણીઓ કરાઈ છે. આ ઉપરાંત, એપ આધારિત કામગીરીને સરળ અને ભારણમુક્ત બનાવવાની, જેથી રોજિંદી કામગીરીમાં અવરોધ ન આવે અને બાળકોના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય તેવી પણ માંગ છે. ડિજિટલ ડેટા મેળવ્યા પછી પણ નવા અને ગૂંચવણભર્યા રજિસ્ટરોને કારણે આંગણવાડી વર્કરોનો સમય વેડફાય છે, તેથી રજિસ્ટર બનાવવાની પ્રથા રદ કરવાની પણ માંગણી કરવામાં આવી હતી.

# છોટાઉદેપુર તેજગઢ હાઈવે નં.-પ૬ જોખમી અને જર્જરિત નાળાથી દુર્ઘટનાનો ભય



છોટાઉદેપુર,
તેજગઢથી છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ હાઈવે નંબર પ૬ પર આવેલ એક નાળું અત્યંત જોખમી અને જર્જરિત હાલતમાં પહોંચી ગયું છે. આ નાળાની દીવાલની હાલત જર્જરિત છે તો સ્લેબ અને દીવાલ પર આજુબાજુનું કોંક્રીટ છૂટું થઈને તૂટી રહ્યું છે, જેના કારણે આખું માળખું અસ્થિર બની જવાની શક્યતા જોવા મળી રહી છે.

આ માર્ગ પર ઓવરલોડ ભારદારી વાહનોની સતત અવરજવર રહેતી હોવાથી નાળામાં ભારે વાઈબ્રેશન અનુભવાય છે, જે તેને વધુ નબળું બનાવી રહ્યું છે. સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોમાં કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાવાની તીવ્ર ભીતિ ફેલાઈ છે.

વારંવાર રજૂઆતો છતાં તંત્રના બેફિકર વલણને કારણે લોકોમાં ભારે નારાજગી છે. સ્થાનિક કિશનભાઈ ગઢવીએ જણાવ્યું કે, આ નાળું ગમે ત્યારે તૂટી જાય એ સ્થિતિ છે. તો શું અકસ્માત થયા પછી જ તંત્ર જાગશે?. સ્થાનિકોની માંગ છે કે ગઈઅઈ અને જિલ્લા તંત્ર તાત્કાલિક નાળાની તપાસ કરીને સમારકામ શરૂ કરે. જો સમયસર પગલાં ન લેવાય તો ને.હા.પ૬ પર આ જોખમી નાળું મોટી ત્રાસદીનું કારણ બની શકે છે.અગાઉ પણ તંત્રને ચેતવણી મળી હતી, છતાં અવગણના કરી હતી ગત વર્ષે પાવીજેતપુર વિસ્તારમાં થયેલી ઘટનાથી બોધપાઠ લેવો જોઈએ. જ્યાં હાઈવે પર એક નાળું બેસી જતાં ભારદારી વાહનોની અવરજવર સંપૂર્ણ બંધ કરવી પડી હતી. અને વેપાર ધંધા પર મોટી અસુવિધા સર્જાઈ હતી. તે સમયે પણ તંત્રને ચેતવણી મળી હતી, જેની અવગણના કરાઈ હતી. આવી સમસ્યાઓ ઉભી ન થાય તે પહેલાં જ નાળાનું તાત્કાલિક સમારકામ જરૂરી છે. રસ્તા પર વિકાસના દાવા થાય છે, પરંતુ આવા જર્જરિત નાળા અને પુલોની અવગણના લોકોના જીવ સાથે રમત રમી રહી છે.

## ગરબાડા તાલુકાના મીનાક્યાંર ગામે નવીન બ્રિજના નાણાનું ખાતામુર્હુત કરતા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર



ગરબાડા,
ગરબાડા તાલુકાના મીનાક્યાંર ગામે સિંચાઈ તળાવના વેસ્ટ વીયર અમણો નું વધારાનું પાણી ચોમાસામાં રોડ ઉપર ફરી વળતા લોકોને અવર-જવર માટે બે બે ત્રણ ત્રણ દિવસ સુધી ૮ થી ૧૦ કિલોમીટર ધક્કા ખાવાનો વારો આવે છે. જેમાં મીનાક્યાંર ગામ એ મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલ ગામ છે જ્યારે આ રસ્તો બંધ થવાથી મધ્યપ્રદેશમાંથી ફરીને આવવું પડે છે ગામ લોકોને . આ બ્રિજ ઉપર મોટા નાણા નાખવામાં આવે તેવી ગામ લોકોને વર્ષો જૂની માંગણી છે. અને આ માંગણીને પૂરી કરવા માટે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ લલ્લુભાઈ જાદવ દ્વારા અવારનવાર સંકલન હોય કે સ્વાગત કાર્યક્રમ હોય તમામ જગ્યાએ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે જેને લઈને આર.એન.બી વિભાગ દ્વારા આ બ્રિજના નાળાનું કામ સર્વે કરીને મંજુર કરવામાં આવ્યું હતું અને આજે ગરબાડા ના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર તાલુકા પંચાયત પ્રમુખ મયુરભાઈ ભાભોર ઉપપ્રમુખ લલુભાઈ જાદવ પાર્ટી પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ અને ગામના સરપંચ અને આરએમબી વિભાગના કર્મચારીઓ તેમજ ગામ લોકોને ઉપસ્થિતિમાં આ નવીન બ્રિજના નાળાનું ખાતમુરત કરવામાં આવ્યું હતું. હા નાળાનું ખાતું મુરત થતાં ગામ લોકોમાં ખુશી ની લહેર ઊઠી જવા પામી હતી. ગામ એ લોકો દ્વારા આ તમામ મહેમાનોનું ઢોલ નગારા ના તાલે સ્વાગત કરવામાં આવ્યું હતું.

## દે.બારીઆ તાલુકાના પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ ભરાવવા આવેલ કાર ચાલકે ઝઘડો કરી કર્મીને માર મારતા ફરિયાદ



દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં એક ચોકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં એક પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા આવેલ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે એનકેન પ્રકારે પેટ્રોલ પંપ પર ફરજ બજાવતા એક કર્મચારી સાથે ઝઘડો ટકરાર કરી કર્મચારી સાથે મારપીટ કર્યાનો બનાવ સામે આવ્યો છે જેમાં ફોર વ્હીલર ગાડીના ચાલકે પેટ્રોલ પંપ પર ફરજ બજાવનાર કર્મચારીને લાપટો ઝાપોટો મારી બેફામ ગાળો બોલી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના નો વિડીયો પેટ્રોલ પંપ વિસ્તારમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામ્યો હતો અને આ સંબંધે પેટ્રોલ પંપ ના કર્મચારી હાર્દિકભાઈ નૈનેશભાઈ હરીજને દેવગઢબારિયા પોલીસ મથકે લેખિત અરજી આપી આ મામલે કાર્યવાહી કરવા માટે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## છોટાઉદેપુરના કટારવાંટ પાસે ઈકો ગાડીમાંથી રૂ.૨.૬૪ લાખના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો



છોટાઉદેપુર,
છોટા ઉદેપુર જિલ્લામાં રંગપુર પોલીસે કટારવાંટ પાસે ઓરસંગ પુલ પરથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. એક ઈકો ગાડીમાંથી રૂ.૨,૬૪,૦૫૦/- ની કિંમતનો દારૂ મળી આવતા પોલીસે એક વ્યકિતની ધરપકડ કરી છે. પોલીસે દારૂ અને ગાડી સહિત કુલ રૂ.૫,૧૪,૦૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, રંગપુર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે પી.આઈ. જલ્પાબેન પંડ્યાને બાતમી મળી હતી. બાતમી મુજબ, મધ્યપ્રદેશના કઠિવાડાથી એક ઈકો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લેહવાંટ તરફ આવી રહ્યો હતો.આ બાતમીના આધારે રંગપુર પોલીસે કટારવાંટ પાસે ઓરસંગ નદીના પુલ પર સઘન નાકાબંધી ગોઠવી હતી. નાકાબંધી દરમિયાન, GJ-૨૩ BD-૬૨૨૯ નંબરની શંકાસ્પદ ઈકો ગાડી આવતા તેને રોકવામાં આવી હતી. ગાડીની તલાશી લેતા તેમાંથી રૂ.૨,૬૪,૦૫૦/- ની કિંમતની વિદેશી દારૂની કુલ ૧૦૦૬ બોટલ મળી આવી હતી.પોલીસે તાત્કાલિક દારૂનો જથ્થો જપ્ત કરી લીધો હતો.આ મામલે પોલીસે સાવલી, વડોદરાના રહેવાસી પ્રશાંતભાઈ ગણપતભાઈ પરમારની ધરપકડ કરી છે. છોટા ઉદેપુર જિલ્લો મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલો હોવાથી પરપ્રાંતમાંથી વિદેશી દારૂ ઘુસાડવાના આવા પ્રયાસો અવારનવાર થતા રહે છે, જેને જિલ્લા પોલીસ નિષ્ફળ બનાવે છે. પોલીસે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આંગણવાડીની બહેનોના હક માટે મેદાને આવ્યા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સિનિયર ઉપપ્રમુખ સંજય નિનામા



ઝાલોદ,
આજે ઝાલોદમાં આંગણવાડીની બહેનો પોતાની પડતર માંગણીઓ અને ઓનલાઈન કામગીરીના અસહ્ય ભાર સામે શાંતિપૂર્ણ વિરોધ કરી રહી હતી. પરંતુ, જ્યારે તંત્રએ મંજૂરી ન હોવાનું કહીને બહેનોને રજૂઆત કરતા અટકાવી અને કચેરીના દરવાજા બંધ કર્યા, ત્યારે બહેનો લાચાર થઈને કચેરી બહાર ધરણા પર બેસી ગઈ હતી.આ કપરી પરિસ્થિતિની જાણ થતાં જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સિનિયર ઉપપ્રમુખ શ્રી સંજય નિનામા તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા.બહેનોની વેદના જોઈને તેમણે તુરંત જ તંત્ર સામે મોરચો માંડ્યો.તેમણે સ્થળ પરથી જ મામલતદાર અને પ્રાંત અધિકારી સાથે વાતચીત કરી.લોકશાહીમાં રજૂઆત કરવાનો અધિકાર છીનવી ન શકાય તેવી સ્પષ્ટ અને આક્રમક રજૂઆત કરી.તેમની મધ્યસ્થી અને આક્રમક વલણના કારણે અંતે તંત્રએ નમતું જોખવું પડ્યું અને અધિકારીઓ રૂબરૂ આવીને બહેનોનું આવેદનપત્ર સ્વીકારવા મજબૂર બન્યા.ગરીબ ખેડૂતો અને મહિલાઓના હક માટે હંમેશા અગ્રેસર રહેતા સંજય નિનામાએ ફરી એકવાર સાબિત કરી દીધું કે તેઓ જનતાના સાચા સેવક છે.

## ખાનપુર ગામે પાર્ક કરેલ કારમાં ધામણ પ્રજાતિના સાપનુ રેસ્કયુ કરી જંગલમાં છોડાયો

મહિસાગર
પ્રાથમિક માહિતી મુજબ, કાર માલિકે પોતાના મકાનની આગળ કાર પાર્ક કરી હતી. થોડા સમય બાદ તેમની નજર કારની અંદર પડતાં પાછળની સીટ નજીક કોઈ હલચલ જોવા મળી હતી. નજીક જઈ તપાસ કરતાં અંદર સાપ હોવાની આશંકા જણાઈ હતી.આ અંગે તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જાણ મળતાં જ વન વિભાગની ટીમ તેમજ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમના સભ્યો સ્થળ પર દોડી આવ્યા હતા.

વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમના હિતેશભાઈ પ્રજાપતિએ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી કારની સંપૂર્ણ તપાસ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ કારની પાછળની સીટ બાજુથી અંદાજિત છ ફૂટ લાંબા ધામણ પ્રજાતિના સાપને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.સાપને કોઈ નુકસાન પહોંચાડ્યા વગર સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેને યોગ્ય અને સુરક્ષિત કુદરતી આવાસમાં છોડવામાં આવ્યો હતો. ધામણ સાપ સામાન્ય રીતે નિર્વિષ (બિનઝેરી) હોય છે, પરંતુ તેનો કદ મોટો હોવાને કારણે લોકોમાં ભય ફેલાય છે.

## બોડેલી પોલીસ દ્વારા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ગણનાપત્ર કેશ શોધી કુલ કુલ કિં.રૂ. ૭,૬૬,૮૮૦/-નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો

બોડેલી,
વિ.એસ.ગાવિત પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ બાતમી હકીકત આધારે સર્વેલન્સ સ્ટાફના સ્ટાફના માણસો ધનપુર (છછાદરા) વસાહત ગામેથી વોચ નાકાબંધી કરી સફેદ કલરની મહિન્દ્રા કંપનીની મેકસ પીકઅપ ગાડી નંબર GJ-૦૬-BX-૦૫૮૪ માથી (૧) LONDON PRIDE PREMIUM WHISKY ૧૮૦ ML પ્લા.ના પ્લા.ના કવાટરિયા (h) MOUNTS 6000 SUPER STRONGBEER 500 ml (-૧૯૨ ની કિરૂ..૨૨,૦૮૦/- મળી અલગ અલગ બ્રાંડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલો નંગ-૧૬૩૨ ની કુલ કિં.રૂ.૨,૬૬,૮૮૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા પ્રોહી મુદ્દામાલની હેરાફેરીમાં ઉપયોગમાં લિધેલ એક સફેદ કલરની મહિન્દ્રા કંપનીની મેકસ પીકઅપ ગાડી નંબર GJ-૦૬-BX-૦૫૮૪ ની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- ની ગણી કુલ મુદ્દામાલની કિ.રૂ..૭,૬૬,૮૮૦/-નો પ્રોહી મુદ્દામાલ પકડી નાશી ગયેલ ગાડી ના ચાલાક વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

## ઝાલોદ મુવાડા નજીક અજાણ્યા વાહનની ટક્કરથી એકનું મોત : ભાણેજ ગંભીર હાલતમાં રિફર

ઝાલોદ
ઝાલોદ મુવાડા વિસ્તારમાં કંકોત્રી આપવા જતા યુવકને માર્ગ અકસ્માત નડતા દુઃખદ ઘટના સર્જાઈ છે. અજાણ્યા વાહન દ્વારા અડફેટે લેવાતા એક વ્યક્તિનું મોત નિપજ્યું છે, જ્યારે સાથે રહેલો ભાણેજ ગંભીર રીતે ઘાયલ થયો છે.મળતી માહિતી અનુસાર વાંગડ ખુંટા ફળિયા, તા. ઝાલોદ, જિ. દાહોદ રહેતા મહેશભાઈ મંગળાભાઈ પારગી (ઉ.વ. ૪૦) પોતાના ભાણેજ દિવ્યાંગ સાથે અપાચી મોટરસાયકલ નંબર GJ-૨૦-BK-૬૧૩૧ પર કંકોત્રી આપવા માટે ગુલ્લી ગામે ગયેલા હતા. ત્યાંથી લીમડી ગામે જવા નીકળ્યા દરમિયાન ઝાલોદ મુવાડા નજીક માર્ગ પર કોઈ અજાણ્યા વાહને અચાનક ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.અકસ્મતમાં મહેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઝાલોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. સાથે રહેલા ભાણેજને પણ ગંભીર ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે. હાલ તેમની સ્થિતિ અંગે માહિતી પ્રાપ્ત થવાની બાકી છે.ઘટનાની જાણ થતા પરિવારજનોમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. સમગ્ર બનાવ અંગે પોલીસ દ્વારા અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને અકસ્માત અંગે વધુ તપાસ ચાલુ છે.

# કદવાલ તાલુકામાં નલ સે જલ યોજનાના લાભથી લોકો વંચિત

છોટાઉદેપુર,
છોટાઉદેપુર જિલ્લાના નવીન કદવાલ તાલુકામાં નલ સે જલ યોજના સહિત વિવિધ યોજનાનો પુર્ણ લાભ ન મળતાં લોકોને ઉનાળા શરૂ થાય તે પહેલા જ પાણી નહિં મળવાની બુમો ઉઠવાની શરૂ થઈ ગઈ છે.

કદવાલ વિસ્તારના બગલાં ફળિયાના મસ્તાન નગરીમાં રહેતા લોકો પાણી માટે સ્થાનિક તંત્ર ને રજુઆત કરવા છતાં પણ કદવાલ માં નલ સે જલ યોજનાથી લઈ સરકારની અન્ય પાણીની યોજના પણ જૈસેથે રહેતા લોકો લાભથી વંચિત રહ્યા છે. આ તો ઠીક છે, પણ કદવાલ ના અનેક એવા વિસ્તારો છે. જેમાં નલ સે જલ યોજનાથી લઈ અનેક પાણી ની યોજનાઓ બંધ હાલતમાં છે.કદવાલ તાલૂકો હવે નવીન બન્યો છે. ત્યારે કદવાલમાં ગરીબ ખેડૂત ભાઈઓને આ યોજનાનો લાભ લેવા માટે પાણીની રાહ જોવાનો વારો આવ્યો છે. જેમાં કદવાલના નાથપુરા, સિગાપુરા, કાટકુવા, ઝરી ચાકરીયા, નવાપુરા જેવા અનેક ફળિયાના લોકો હજી પણ આ નલ સે જલ યોજના ક્યારે શરૂ થશે ? તેની રાહ જોઈ રહ્યા છે. સાથે કદવાલમાં એવા પણ અનેક ફળિયાઓ છે.જ્યાં ટાંકી અને કનેક્શન હોવા છતાં પણ પાણી ઉપલબ્ધ નથી. તો અમુક જગ્યાઓ ઉપર ટાંકી તો ઉભી કરી છે. પણ પાણી નહીં આવતું હોવાનું પણ લોકો જણાવી રહ્યા છે. સરકારની પાણીની યોજનાઓ ઘર ઘરે પહોંચવાનું કામ સરકારે કર્યું. છતાં પણ આ કદવાલ નું સ્થાનિક તંત્ર કઈ પણ ધ્યાન આપતું નથી. જેના કારણે લોકોને પાણી માટે હેન્ડપંપના જ સહારે રહેવાનો વારો આવશે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે. નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

કર્ક: આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

સિંહ: આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો. આગળ કોઈ સમય ના મળી શકે. આજે મહિલાઓને દરેક ક્ષેત્રમાં વિશેષ સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા: આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.

વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.

ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. નજીકના મિત્રની સલાહ અને ટેકાથી તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો.

મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે. પત્નીના સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવું.

કુંભ: આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.
અરજદારઃ- શેખ ઈરફાનભાઈ નિશારભાઈ, રહે.શહેરા, તા.શહેરા જી.પંચમહાલ.
વિરુદ્ધ
સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, સદનપુર, તા.શહેરા, જિ.પંચમહાલ.
-:: જાહેર નોટીસ ::-
આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે શેખ મુહમ્મદ ઈરફાનનું તા.૨૪/૦૬/૧૯૯૮ તથા પુત્ર નામે શેખ એહતેસામ ઈરફાનનું તા.૧૭/૦૧/૨૦૦૦ ના રોજ મોજે.સદનપુર, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રોના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૮૧/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવી. જો મુદત સમયમાં કોઈ વાધો કે તકરારા નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા.૧૨ માહે ફેબ્રુઆરી -સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ.નં.૫૦૯/૨૦૨૫ તારીખ :૧૨/૦૨/૨૦૨૬
અરજદારઃ બિલવાળ રમેશભાઈ મગનભાઈ રહે. મીનાકચાર,તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,મીનાકચાર,તા.ગરબાડા, જિ.દાહોદ
-:: જાહેર નોટીસ ::-
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત. આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી બિલવાળ રમેશભાઈ મગનભાઈ પુત્રી બિલવાળ ઘરતીબેન રમેશભાઈનો જન્મ તા.૧૫/૧૨/૨૦૨૩નારોજ ગામ.મીનાકચાર,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,મીનાકચાર,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૨/૦૨/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
મરણ કેસ નંબર ૮૬/૨૦૨૫ તા :૧૨/૦૨/૨૦૨૬
અરજદારઃ ભાભોર બીજીયાભાઈ પનાભાઈ રહે,પાટીયા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ
-:: જાહેર નોટીસ ::-
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર બીજીયાભાઈ પનાભાઈના મોટા બાપાનું મરણ તા.૦૧/૦૧/૧૯૯૦ના રોજ ગામ.પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના મોટાબાપાનું મરણ થયેલ ત્યારે અરજદારના દવારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેઓના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૨/૦૨/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર ગરબાડા

ઘોર કળયુગ.!

# નરાધમ સસરાએ કેફી દ્રવ્ય પીવડાવી પુત્રવધૂ સાથે આચર્યું દુષ્કર્મ : પોલીસે જીરો નંબરથી ફરિયાદ નોંધી

## સસરાની વાસનાનો શિકાર બનેલી પુત્રવધુનો આપઘાતનો પ્રયાસ, ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ.!

દાહોદ,

મધ્યપ્રદેશમાં અલીરાજપુર ખાતે પરણાવેલી દાહોદ જિલ્લાની દીકરીને લગ્નના બીજા દિવસે જ સસરાએ દાનત બગાડી હતી અને ચોકલેટ જેવા કેફી દ્રવ્ય પીવડાવ્યા બાદ બેભાન અવસ્થામાં સરી પડેલી નવોઢા સાથે કહેવાતા નરાધમ સસરાએ દુષ્કર્મ આચર્યું હોવાની સામે આવ્યું છે.માત્ર એક મહિનાના પરણીત જીવન દરમિયાન સાસરીયા પિતાના દુષ્કૃત્યનો ભોગ બનેલી દીકરીએ જિંદગીભરના પાલક પિતાને કેવી રીતે દુર્ઘટનાનું વર્ણન કરીશ તેવું વિચારી મોતને વહાલું કરવા પહેલે માળેથી ભોઈ પર ઝંપલાવ્યું હતું. પરંતુ સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી મહિલા પરણીતા બચી જવા પામી છે.તથા દાહોદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે.આ ચકચારી બનાવની સમગ્ર સરહદી વિસ્તારમાં એટલે કે મધ્યપ્રદેશ અને ગુજરાતના સરહદી વિસ્તારમાં ચકચાર સહિત ખળભળાટ મચી જવા પામ્યો છે તથા કળિયુગિ સસરા સામે ભારે આક્રોશ સાથે ફિટકાર વરસી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના એક ગામના પરિવારની દીકરીના એક મહિના અગાઉ ૨૫ જાન્યુઆરીના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ પાસે ઉદેગઢ ગામે લગ્ન થયા હતા સામાજિક લગ્ન પ્રસંગની વિધિ પત્યા બાદ દીકરીનું પહેલું આણું લગ્નના ત્રીજા દિવસે કરી દીકરીને ઘરે લઈ આવ્યા હતા ત્યારબાદ તારીખ ૭ ફેબ્રુઆરીના રોજ તેના પિતાએ દિલ ઉપર પથ્થર મૂકી હસતા મોઢે પોતાની વ્હાલ સોઈ દીકરીને નવો ઘરસંસાર માંડવા તેના પતિ સાથે વીદા કરી હતી. અને ભગવાનથી કામના કરી હતી કે તેની દીકરી અને તેનો પરિવાર સદાય હસતો રહે ખુશ રહે પરંતુ આગામી ૭૨ કલાકમાં આ દીકરી સાથે શું થવાનું હતું તે કોઈને કલ્પના નહોતી.ગરબાડાથી પોતાના સાસરે ઉદેગઢ ગયા બાદ બીજા દિવસે તેના સસરાની પુત્રવધૂ ઉપર દાનત બગડી હતી અને. નવોઢાનો પતિ કોઈક કામ અર્થે બહાર ગયો હતો આ દરમિયાન ૯ ફેબ્રુઆરીના રોજ નરાધમ સસરાએ પુત્રવધુને કેફી દ્રવ્ય મેળવેલી ચોકલેટ ખાવા આપી હતી જે ખાધા બાદ નવપરિણીત મહિલા બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ તેના સસરાએ તેની દીકરી સમાન કહેવાથી પુત્રવધુ જોડે બેભાન અવસ્થામાં દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ થોડા સમય બાદ પરણીતા ભાનમાં આવતા લઘર વગર વસ્ત્રો અને ગુપ્તાંગના ભાગેથી રક્તસ્ત્રાવ સાથે પીડા કણસતા તે સંપૂર્ણ રીતે ભાંગી પડી હતી.સાસરીયા પિતાના દુષ્કૃત્યનો ભોગ બનેલી દીકરીએ જિંદગીભરના પાલક પિતાને કેવી રીતે દુર્ઘટનાનું વર્ણન કરીશ તેવું વિચારી મોતને વહાલું કરવા ઘરના પહેલે માળેથી ભોઈ પર ઝંપલાવ્યું હતું.પરંતુ સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી મહિલા પરણીતા બચી જવા પામી છે.તથા દાહોદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી અને તેના પિતાને જાણ કરતા તેઓ પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા.ટૂંકી સારવાર બાદ નવ પરણિત મહિલાએ તેના પિતાને તેના સાથે થયેલા દૂરવ્યવહારની સઘળી હકીકત તૂટક ભાષામાં કહેતા તેના પિતાના પગ તળેથી જમીન ખસી પડી હતી.ચૌધાર આંસુએ રડવા લાગ્યા હતા. અને થોડાક સમય બાદ તેની દીકરીને ન્યાય અપાવીને જપીશ તેવા દૃઢ સંકલ્પ સાથે તેના પિતાએ દાહોદ ડિવિઝન પોલીસ પાસે મદદ માંગતા પિતાની રજૂઆત અને દીકરીની હાલત અને આપવીતી જાણ્યા બાદ ગંભીર અને સંવેદનશીલ બનેલી પોલીસે તાત્કાલિક જીરો નંબર થી ફરિયાદ દાખલ કરી મધ્યપ્રદેશની જોબટ પોલીસને જાણ કરી તેમને દાહોદ ખાતે બોલાવ્યા હતા. હાલ સસરા ના દુષ્કર્મનો ભોગ બનેલી દાહોદની દીકરી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. જોકે આ મામલે દાહોદ પોલીસે એમપી પોલીસને જાણ કર્યા બાદ હવે એમપી પોલીસ આ મામલે તપાસ હાથ ધરી કાર્યવાહી હાથ ધરશે

## રાષ્ટ્રિય હડતાળમાં ઝાલોદ આંગણવાડી બહેનોનો જંગી આવાજ

# લઘુત્તમ વેતનથી કાયમી નિમણૂક સુધીની માંગણીઓ સાથે પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર ૧૨ ફેબ્રુઆરીએ કામથી અલગ રહેવાની જાહેરાત

ઝાલોદ

રાષ્ટ્રીય વ્યાપી કાર્યક્રમના ભાગરૂપે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન (GAKS) દ્વારા જાહેર કરાયેલી હડતાળને અનુસરી ઝાલોદ ઘટક૧, ૨ અને ૩ની તમામ આંગણવાડી વર્કર તથા હેલ્પર બહેનો આજે એકજુટ થઈ પોતાના હક્ક માટે જોરદાર અવાજ ઉઠાવ્યો હતો. બહેનોએ પ્રાંત અધિકારીને લેખિત આવેદનપત્ર આપી લાંબા સમયથી બાકી રહેલી માંગણીઓ અંગે તાત્કાલિક નિર્ણય લેવા રજૂઆત કરી હતી. ત્યારબાદ આવેદનપત્ર મામલતદારને પણ સોંપવામાં આવ્યું હતું.

GAKS, જે C.I.T.U. સાથે સંકળાયેલ છે તથા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ આંગણવાડી વર્કર્સ એન્ડ હેલ્પર્સ સાથે એફિલિએટેડ છે, તેના આહ્વાન મુજબ તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ કામથી અલગ રહેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે પ્રોગ્રામ ઓફિસર, તમામ CDPO તથા દાહોદ જિલ્લાના સંબંધિત અધિકારીઓને પૂર્વ સૂચના પાઠવવામાં આવી હોવાનું સંગઠને જણાવ્યું છે.

સંગઠનના જણાવ્યા મુજબ આંગણવાડી વર્કર અને હેલ્પરોએ વર્ષોથી સતત રજૂઆતો કરવા છતાં માંગણીઓનો સંતોષકારક ઉકેલ આવ્યો નથી. વધતી મોંઘવારી સામે મળતું માનદ વેતન ખૂબ ઓછું હોવાનું જણાવી બહેનોએ લઘુત્તમ વેતન અમલમાં મૂકવાની માંગ કરી છે. સાથે જ મોંઘવારી ભથ્થામાં વધારો, સરકાર તરફથી સત્તાવાર મોબાઈલ ફાળવણી, કાયમી નિમણૂક, તેમજ હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.બહેનોએ વધતી ઓનલાઈન કામગીરી અને એપ્લિકેશન આધારિત કામના બોજ અંગે પણ ગંભીર ચિંતા વ્યકત કરી હતી. નેટવર્કની અછત તથા વ્યક્તિગત મોબાઈલના ઉપયોગને કારણે ડેટા એન્ટ્રીમાં પડતી મુશ્કેલીઓથી માનસિક દબાણ વધતું હોવાનું જણાવ્યું હતું. તેથી વધારાની ઓનલાઈન કામગીરી બંધ કરવાની માંગ પણ કરવામાં આવી છે.

સંગઠને તા. ૧૨ના રોજ આંગણવાડી કેન્દ્રોમાં દૂધ અને તૈયાર નાસ્તાનો પુરવઠો ન મોકલવા સંબંધિત વિભાગોને વિનંતી કરી છે.ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રમુખ અરુણ મહેતાએ જણાવ્યું હતું કે આંગણવાડી બહેનો હંમેશા સરકારના વિવિધ કાર્યક્રમોમાં સહયોગ આપતી આવી છે, પરંતુ પોતાની હકની માંગણી માટે હવે સંઘર્ષનો માર્ગ અપનાવવો અનિવાર્ય બન્યો છે. ઝાલોદની બહેનોનો સ્પષ્ટ સંદેશ છે કે તેમનો અવાજ સરકાર સુધી પહોંચે અને યોગ્ય ન્યાય મળે તે માટે આ લડત આગળ પણ ચાલુ રહેશે.

## ઝાલોદમાં જેટકો દ્વારા આદિવાસી જમીન હક્કોનું ઉલ્લંઘન...?

# આંતરરાષ્ટ્રિય માનવ અધિકાર સુરક્ષા સંઘનો કડક અલ્ટીમેટમ : વળતર વિના ૬૬ કે.વી. ટાવર ઊભા કરવાના આક્ષેપ

ઝાલોદ

ઝાલોદ તાલુકા સહિત દાહોદ જિલ્લામાં જેટકો કંપની દ્વારા આદિવાસી અને ગરીબ ખેડૂતોની જમીન પર તેમની સંમતિ વિના ૬૬ કે.વી. વીજ ટાવર ઊભા કરવામાં આવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવતા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘ હરકતમાં આવ્યું છે. સંઘે આ સમગ્ર મામલાને બંધારણીય હક્કો તથા અનુસૂચિ–૫ હેઠળ સુરક્ષિત જમીન હક્કોના ખુલ્લા ભંગ સમાન ગણાવ્યો છે.આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘની ટીમે ઝાલોદ તાલુકાની સ્થળ મુલાકાત લઈ અસરગ્રસ્ત ખેડૂત સાથે મુલાકાત કરી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું કે જમીન માલિકોની લેખિત સંમતિ વિના, જમીન સંપાદન પ્રક્રિયા પૂર્ણ કર્યા વગર તથા બિનખેતી પરવાનગી વગર ટાવર ઊભા કરવામાં આવી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં ખેડુતોને દબાણ અને પોલીસ બળના સહારે ડરાવી–ધમકાવી જમીન પર કામ હાથ ધરાયું હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.આ મુદ્દે સંઘે દાહોદ જિલ્લાના એડિશનલ કલેકટરને વિગતવાર લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવાયું કે દાહોદ જિલ્લો અનુસૂચિ–૫ હેઠળ આવતો હોવાને કારણે આદિવાસી જમીન સંબંધિત નિયમો અને સુપ્રીમ કોર્ટના માર્ગદર્શક ચુકાદાઓનું કડક પાલન કરવું ફરજિયાત છે. તેમ છતાં જેટકો કંપની દ્વારા નિયમોની અવગણના કરીને આદિવાસી ખેડૂતોને કોઈપણ પ્રકારનું યોગ્ય વળતર કે પુનર્વસન સહાય આપવામાં આવી નથીતા. ૧૧/૦૨/૨૦૨૬ના રોજ સંઘના પ્રતિનિધિમંડળે જેટકો કંપનીની ગોધરા પેટા વિભાગીય કચેરી તથા વડોદરા હેડ ઓફિસની મુલાકાત લીધી હતી. અહીં એક્ઝિક્યુટિવ એન્જિનિયર સમક્ષ મૌખિક તથા લેખિત રજૂઆત કરી સ્પષ્ટ જણાવ્યું કે ખેડૂતોની જમીન પર ગેરકાયદેસર રીતે ૬૬ કે.વી. વીજ ટાવર ઊભા કરવામાં આવી રહ્યા છે અને યોગ્ય વળતર આપવામાં આવતું નથી.સંઘે જેટકો કંપનીને કડક અલ્ટીમેટમ આપતા જણાવ્યું કે તાત્કાલિક ગેરરીતિઓ દુર કરીને ખેડૂતોને કાયદેસર વળતર અને ન્યાય આપવામાં આવે, અન્યથા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘ દાહોદ જિલ્લાના તમામ અસરગ્રસ્ત ખેડૂતોની તરફેણમાં કાયદાકીય લડત હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી લડશે.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રાજેશ ચામઠા, પ્રદેશ મહાસચિવ ઠીપસિંહભાઈ બારીયા, પ્રદેશ મહિલા અધ્યક્ષ શોભનાબેન ડામોર, મહિલા મહાસચિવ નીલમબેન કિશોરી, પ્રદેશ ઉપાધ્યક્ષ મિતેશભાઈ બારીયા, મધ્ય ઝોન પ્રભારી રતનસિંહ બારીયા, પ્રદેશ સચિવ રાયસિંહભાઈ પટેલ, પંચમહાલ જિલ્લાના મહિલા અદયક્ષ ગીતાબેન કિશોરી, સચિવ લક્ષ્મણભાઈ વણકર સહિત તાલુકા અને જિલ્લા કક્ષાના હોદેદારો હાજર રહ્યા હતા.

હવે સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બનેલા આ મુદ્દે જેટકો કંપની શું સ્પષ્ટતા કરે છે અને પ્રશાસન શું પગલાં ભરે છે તે જોવાનું રહ્યું.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.147

# ગોધરા મિલ્કત લે-વેચના વિવાદમાં લેન્ડગ્રેબિંગ કાયદા હેઠળ સ્પેશિયલ લેન્ડગ્રેબિંગ કોર્ટનો હુકમ

ગોધરા,

ગોધરા શહેરમાં મિલ્કત વેચાણ બાદ મકાનના કબ્જા સંબંધિત વિવાદને પગલે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ હેઠળ પ્રથમ વખત સેશન્સ કેસ નોંધાયો છે. સ્પેશિયલ જજ લેન્ડગ્રેબિંગ અને ચોથા એડિ.સેશન્સ જજ આર.જે.પટેલે આરોપી ભુપેન્દ્ર પ્રાણલાલ મહેતા વિરુદ્ધ સમન્સ જારી કરવાનો હુકમ કર્યો છે. ફરિયાદ મુજબ ગોધરાકસ્બા વિસ્તારની સિટી સર્વે નં.-૩૯૭/અ/૧૮ ધરાવતી જમીન તથા બેમાળના મકાનની મિલ્કત તા.૧૫/૦૯/૨૦૨૩ના રોજ રૂ.૩૦ લાખના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ દ્વારા હિતેન્દ્રકુમાર જયતિલાલ શાહે પોતે ભુપેન્દ્ર પ્રાણલાલ મહેતા પાસેથી ખરીદી કરીહતી. મકાન ખરીદીની સંપુર્ણ રકમ ભુપેન્દ્ર મહેતાને ચુકવીહતી. જે બદલ મકાન વેચાણ કરનાર ભુપેન્દ્ર મહેતા દ્વારા કબ્જા પાવતી પણ આપી હતી. ભુપેન્દ્ર મહેતાએ મકાન વેચાણ બાદ ૧૧ માસના ભાડા કરારથી મકાનમાં રહેવાની હિતેન્દ્રકુમાર શાહને વિનંતી કરી હતી.જેથી તા.૨૭/૦૯/૨૦૨૩ના રોજ નોટરી સમક્ષ કરાયેલા ભાડા કરાર મુજબ માસિક રૂ.૧૨,૦૦૦/-ના ભાડે હિતેન્દ્રકુમાર શાહે પોતાના નામે થયેલી મિલ્કત ભુપેન્દ્ર મહેતાને અગિયાર મહિના મહિના માટે મકાન ભાડે રહેવા આપેલ હતુ. જે પૈકી ચાર માસનુ રૂ.૪૮,૦૦૦/-એડવાન્સ ભાડું ભુપેન્દ્ર મહેતા દ્વારા ચુકવાયુ હતુ. પરંતુ ત્યારબાદ આરોપી ભુપેન્દ્ર મહેતાએ ભાડું ચુકવવાનુ બંધ કરી દીધુહતુ. અને અગિયાર મહિનાનો કરાર પુર્ણ થવા છતાં મકાન ખાલી ન કરી મકાનનો ગેરકાયદેસર કબ્જો જાળવી રાખ્યો હતો. તેમજ મકાનનો કરેલો વેચાણ દસ્તાવેજ રદ્દ કરવા સિનીયર સિવિલ જજ સમક્ષ દાવો દાખલ કરી દીધો હતો. જે હાલ પેન્ડિંગ છે. ફરિયાદી હિતેન્દ્રકુમાર દ્વારા મકાનનો કબ્જો અપાવવા જિલ્લા લેન્ડગ્રેબિંગ કમિટી સમક્ષ લેન્ડગ્રેબિંગ અરજી કરીહતી. પરંતુ દફતરે કરી હતી. જેથી લેન્ડગ્રેબિંગ સ્પે.કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. કોર્ટે રજુ થયેલ દસ્તાવેજો અને પ્રાથમિક દલીલોને ધ્યાને લઈ આરોપી ભુપેન્દ્ર પ્રાણલાલ મહેતા વિરુદ્ધની ફરિયાદ સેશન્સ કેસ રજીસ્ટરે નોંધવા અને આરોપી વિરુદ્ધ લેન્ડગ્રેબિંગ એક્ટની કલમ મુજબનો શિક્ષાપાત્ર ગુનાનો તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજનો સમન્સ કાઢવા હુકમ કર્યો હતો.

# પંચમહાલની ૫ વિધાનસભાના ૩.૫૬ લાખ મતદારોના નામ-સરનામાં તેમજ ઉંમરમાં તફાવત સામે આવતા નોટિસ અપાઈ

## ચકાસણી કરતા ૧૬૬૦ મતદારોના નામ કમી કરાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં મતદાર યાદી સુધારણામાં વાંધા અરજીઓ બાદ મતદાર યાદીની ચકાસણીમાં જિલ્લાની ૫ વિધાનસભામાં નામ, સરનામાં તથા ઉંમર સહિતની લોકજીલ ક્ષતિઓવાળા ૩.૫૬ લાખ મતદારો મળતા તેઓને નોટિસ આપી હતી. મતદારોને નોટિસ મળતા આધાર-પુરાવા રજુ કર્યા હતા. જેમાં ૧૬૬૦ મતદારોના આધાર-પુરાવા ના આવતા નામ કમી કર્યા છે. ત્યારે ૧૦૦ ટકા કામગીરી પુર્ણ થતાં ૧૭ ફેબ્રુઆરીએ મતદાર યાદી જાહેર કરવામાં આવશે. પંચમહાલ જિલ્લામાં એસ.આઈ.આર.ની કામગીરી પુર્ણતાના આરે છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં કરવામાં આવેલ એસ.આઈ.આર.કામગીરીમાં ૫ વિધાનસભાઓમાંથી મળેલા પુરાવાના આધારે ડેટા એન્ટ્રી કરવામાં આવી હતી. જે ડેટા એન્ટ્રી કર્યા બાદ નામ, ઉંમર, સરનામાં સહિતની લોકજીલ ક્ષતિઓ ધરાવતા શહેરા વિધાનસભામાં-૬૯,૬૩૬, મોરવા(હ) વિધાનસભામાં ૬૭,૭૫૫, ગોધરા વિધાનસભામાં ૮૦,૨૬૭, કાલોલ વિધાનસભામાં ૬૬,૯૧૫, હાલોલ વિધાનસભામાં ૭૧,૪૮૦, મળી કુલ ૩.૫૬ લાખ મતદારોને નોટિસ આપવામાં આવી હતી. નોટિસના આધારે તમામ મતદારોની સુનાવણી યોજવામાં આવી હતી. જેમાં મતદારોએ જરૂરી આધાર-પુરાવા રજુ કર્યા હતા. જેમાં મતદાર દ્વારા ઉંમરના પુરાવા તરીકે જો શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર રજુ કરવામાં આવે તો તેનુ વેરિફિકેશન તે શાળાના આચાર્ય પાસેથી કરાવવામાં આવે છે. જો આ પ્રમાણપત્ર અન્ય જિલ્લાનુ હોય તો તે અંગે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા પ્રમાણપત્રની ખરાઈ માટે અન્ય જિલ્લાના કલેકટરને ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવે છે. અને ૫ દિવસમાં આ વેરિફિકેશનની પ્રક્રિયા પુર્ણ કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા ૧,૧૦,૨૫૯ અરજીઓ તપાસમાં આવી હતી. જેમાંથી ૧૫૦૦ જેટલા મતદારોના પુરાવા પંચમહાલ જિલ્લા બહાર વેરિફિકેશન માટે મોકલવામાં આવ્યા હતા. પુરાવાની ચકાસણી બાદ જિલ્લામાં ૧૬૬૦ મતદારોના આધાર-પુરાવા ન મળતા તેમના નામ કાયમી ધોરણે મતદાર યાદીમાંથી રદ્દ કરાયા છે. મતદાર યાદીની ૧૦૦ ટકા કામગીરી પુર્ણ થઈ ગઈ હોવાથી આગામી ૧૭ ફેબ્રુઆરીએ યાદી જાહેર કરવામાં આવશે. અને નવી મતદાર યાદીમાં નામ ના હોય તો ફોર્મ-૬ ભરીને નામ ઉમેરી શકાશે. તેમ જિલ્લાના ચુંટણી અધિકારીએ જણાવ્યુ છે.

# કાલોલના અંબાલાલ પાર્ક સોસાયટીમાં અન્ય લોકોની અવર જવર રોકવા માટેની મનાઈ અરજી કોર્ટે ફગાવી

કાલોલ,

કાલોલની અંબાલાલ પાર્ક સોસાયટીનો રસ્તો અન્ય સોસાયટીના લોકો માટે ખુલ્લો કરવાના હુકમ સામે મનાઈ હુકમ માંગતી અરજી કાલોલ કોર્ટે ફગાવી દીધી હતી.

કાલોલની અંબાલાલ પાર્ક સોસાયટીના કોમન પ્લોટમાંથી રહિશો માટે રસ્તો આપ્યો છે. જોકે એ રસ્તો બાજુની સોસાયટીના રહિશો પણ ઉપયોગ કરતા અંબાલાલ પાર્કના રહિશોએ ફેન્સિંગ કરી દિવાલ બનાવી હતી. જેની સામે મહેન્દ્રભાઈ શનાભાઈ પટેલે વર્ષ-૨૦૨૪માં જિલ્લા સ્વાગત કાર્યક્રમ હેઠળ કલેકટર કચેરી ખાતે રજુઆત કરી હતી. ગત તા.૨૯/૦૬/૨૪ના રોજ સ્વાગત કાર્યક્રમમાં સોસાયટીના તમામ લોકો રસ્તાનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવાલ દુર કરવાની સુચના આપી હતી. જે અન્વયે કાલોલ નગરપાલિકાને કલેકટર કચેરી દ્વારા કરાઈ હતી. અને ચીફ ઓફિસર દ્વારા સોસાયટીના રહિશોને ત્રણ દિવસમાં દિવાલ દુર કરવા નોટિસ આપી હતી. જેની સમય મર્યાદા પુરી થતાં તા.૧૫/૦૭/૨૦૨૪ના રોજ ચીફ ઓફિસર અને સ્ટાફ તેમજ નાયબ મામલતદાર મહેસુલ તેમજ સર્કલ મામલતદાર પોલીસ સ્ટાફ સાથે દિવાલ તોડી નાંખી હતી. તેની સામે અંબાલાલ ચંદુભાઈ પટેલે કાલોલ સિવિલ કોર્ટમાં મનાઈ હુકમ માટે દાવો દાખલ કર્યો હતો. જે દાવા અંગે બંને પક્ષોના વકીલોની દલીલો અને દસ્તાવેજી પુરાવા હકીકતો ધ્યાનમાં રાખીને કાલોલના પ્રિન્સિપાલ સિનીયર જજ એફ.બી.પઠાણે મનાઈ અરજી નામંજુર કરીને ફગાવી દીધી હતી. જેથી અંબાલાલ પાર્ક સોસાયટીમાંથી રસ્તો યથાવત રહેતા અન્ય સોસાયટીના રહિશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ગોધરા દેવતલાવડી માર્ગના નવીનીકરણને લઈ ત્રણ ગામના લોકોને પાંચ કિ.મી.નો આંટો

ગોધરા,

ગોધરા પાલિકા દ્વારા દેવતલાવડી વિસ્તારમાં ગટર લાઈન અને નવા આરસીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. અમદાવાદ હાઈવે અડીને મુખ્ય માર્ગ પર ચાર દિવસથી કામગીરી શરૂ કરાતા રસ્તો સદંતર બંધ કરી દેવાયો છે. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતાં ત્રણ ગામના રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગોધરા-અમદાવાદ મુખ્ય હાઈવે પાસેથી પસાર થતાં દેવતલાવડી માર્ગ પર મહાદેવ મંદિર સુધી આ માર્ગ પર પાલિકા દ્વારા ગટર અને રોડનુ કામ છેલ્લા ચાર દિવસથી કાર્યરત છે. કામ પુર્ણ થતાં હજુ ૧૫ દિવસ જેટલો સમય લાગી શકે તેમ છે. કામગીરીને લઈને દરૂણિયા, અબ્રાહમ પટેલના મુવાડા અને કોલીયારી ગામની પ્રજાને હવે પોપટપુરા અને સીમલા કબાડી માર્કેટ પાસે આવેલ સામલી-બેટીયા માર્ગનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. મુખ્ય માર્ગ બંધ હોવાથી ગ્રામજનોને અંદાજે ૫ કિ.મી.જેટલો લાંબો ચક્કર મારવા મજબુર બન્યા છે.

# કાલોલના ઘોડા ગામે ખેતરમાં દવા છાંટતા યુવકનુ તુટી પડેલ વીજ વાયરથી કરંટ લાગતા મોત

કાલોલ,

કાલોલ શહેર નજીક ઘોડા ગામે ખેતરમાં દવા છાંટતા યુવકને ખેતરમાં તુટી પડેલા જીવંત વીજ વાયરના સંપર્કમાં આવતા કરૂણ મોત નીપજયું હતુ. કાલોલ ફાયરબ્રિગેડ ટીમમાં સામેલ એવા ૨૬ વર્ષિય યુવાન દિકરાના અકાળે મોતને પગલે પરિવારમાં ગમગીની છવાઈ હતી.

ઘોડા ગામના વતની હર્ષકુમાર રાજુભાઈ પટેલ (ઉ.વ.૨૬)કાલોલ પાલિકાના ફાયરબ્રિગેડની ટીમમાં નોકરી કરતો હતો. જે પિતરાઈ ભાઈ સાથે સીમમાં આવેલ ખેતરમાં અરંડાના પાકમાં દવા છાંટવા ગયા હતા. ત્યારે ખેતર ઉપરથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈન પૈકીનો એક તાર તુટીને એરંડાના ઉભા પાકની વચ્ચે પડ્યો હતો. જેનાથી અજાણ અને દવા છાંટવામાં વ્યસ્ત હર્ષ પટેલ જીવતા વીજ વાયરના સંપર્કમાં આવી જતાં કરંટ લાગ્યો હતો. પિતરાઈ ભાઈના જણાવ્યા અનુસાર હર્ષને વીજ વાયર ગળાના ભાગે અડી ગયો હતો. અને વાયરમાં કરંટ હોવાને લઈ હર્ષને ઝટકો લાગ્યો હતો. એ સમયે હિતેશે દોડીને સુકા લાકડાની મદદથી હર્ષને છુટો કરવાની કોશિષ કરી હતી. પરંતુ એરંડાના ઉભા પાકની વચ્ચે વીજ વાયરો છુટો નહિ પડતા અંતે વીજ વાયરના કરંટથી હર્ષ પટેલ ઘટના સ્થળે ઢળી પડ્યો હતો. હિતેશે બુમાબુમ કરતા આસપાસના ખેતરોમાંથી લોકો દોડી આવ્યા હતા. જેમણે એમજીવીસીએલને જાણ કરીને વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો. ઢળી પડેલ હર્ષને ખાનગી વાહન મારફતે કાલોલ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો.

# શહેરાના સ્વામિનારાયણ મંદિરે ભવ્ય પાટોત્સવ ઉજવાયો : સંતોની ઉપસ્થિતિમાં ભકિતનો મહાસાગર ઉમટ્યો



શહેરા,

શહેરા નગરમાં શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ મહોત્સવ અત્યંત દબદબાભેર અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ મંગલમય અવસરે ભગવાનના દિવ્ય સ્વરૂપોની મહાપૂજા, ભવ્ય અન્નકૂટ અને સંતોના આશીર્વચનનો લ્હાવો લેવા માટે સમગ્ર જિલ્લામાંથી હરિભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું.

શહેરા નગરમાં આવેલ સુપ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિર ખાતે વાર્ષિક પાટોત્સવની અત્યંત હર્ષોલ્લાસ અને ભકિતસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત આ મહોત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો અને ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી,પાટોત્સવના પ્રારંભે સવારના સુમારે મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન ભગવાનના સ્વરૂપોનો સંતો અને વિદ્વાન ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મુખ્ય સભાખંડમાં ભવ્ય મહાપૂજાનું આયોજન થયું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતોના સાનિધ્યમાં સેંકડો ભક્તોએ એકસાથે બેસીને ભગવાનની પૂજા-અર્ચના કરી હતી.ભગવાન સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શુદ્ધ ઘીની મીઠાઈઓ, ફરસાણ, મોસમી ફળો અને વિવિધ પકવાનોથી સજ્જઅન્નકૂટના દર્શન કરવા માટે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. નગર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ભક્તોએ પધારીને દર્શન અને આરતીનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે સંતોએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, પાટોત્સવ એ માત્ર ઉત્સવ નથી, પરંતુ ભગવાન પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો રૂડો અવસર છે.સમગ્ર દિવસ દરમિયાન હરિભક્તો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરના સ્વયંસેવકોએ ખડેપગે રહીને વ્યવસ્થા જાળવી હતી. રાત્રિના સમયે ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તો ભકિતના રંગે રંગાયા હતા.

# જીલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા કાલોલ ખાતે મહિલા જન સંવાદ કાર્યક્રમ યોજાયો : મોટી સંખ્યામાં મહિલાઓ હાજર

કાલોલ

આજરોજ પંચમહાલ મહિલા કોંગ્રેસ ની જન સંવાદ બેઠક કાલોલ સરદાર ભવન ખાતે મળેલ જેમા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહીલા મોરચા પ્રમુખ ગીતાબેન પટેલ, ઉપપ્રમુખ અમૃતા દાસ ગુપ્તા, જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ કાજલબેન પરમાર, સ્નેહલતાબેન,પારુલબેન,રીટાબેન,ગીતાબેન ચેતન સિંહ પરમાર પ્રમુખ પંચમહાલ કોંગ્રેસ જીલ્લા કોંગ્રેસના પ્રદીપસિંહ પરમાર,નરવતસિહ, કાલોલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભુપેન્દ્રસિંહ ખેર,સલીમભાઈ,ઉમેશ શાહ, અમીન મેદા, નટુભાઈ પગી વગેરે હાજર રહેલ હતા.આ સંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો અને સામાજિક-આર્થિક પ્રશ્નો અંગે ચર્ચા કરવાનો હતો.મહિલા અગ્રણીઓએ મહિલાઓને સંગઠિત થઈને અન્યાય સામે અવાજ ઉઠાવવા આહવાન કર્યું હતું.કાલોલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ઉમટી પડેલી મહિલાઓની સંખ્યા સૂચવે છે કે મહિલાઓ હવે રાજકીય અને સામાજિક પ્રવાહમાં સક્રિયપણે જોડાવા માંગે છે. કાર્યક્રમના અંતે આગામી સમયમાં મહિલાલક્ષી કાર્યક્રમોને વધુ વેગ આપવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# વેજલપુર ખાતે આવેલ શ્રીમતી એસ.આર.દવે કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓને ઈનામ વિતરણ અને વિદાય સમારોહ કાર્યક્રમ યોજાયો



કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ શ્રીમતી એસ આર દવે કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓને શાળા પરિવાર દ્વારા ઈનામ વિતરણ અને વિદાય સમારોહ કાર્યક્રમ શાળાના પટાંગણમાં યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન તરીકે વેજલપુર પોલીસ સ્ટેશન ના પી આઈ જે.વી.પટેલ તેમજ ભારતીય જનતા પાર્ટીના માજી જીલ્લા પ્રમુખ તે.મંત્રી, કે.કે.હાઈસ્કૂલ અશ્વિનભાઈ પટેલ ,કે.કે.હાઈસ્કૂલ પ્રમુખ સતિષભાઈ શેઠ,આચાર્ય હર્ષાબેન.કે.પંચાલ, દશરથ ભાઈ પટેલ ,રામુભાઈ ઠાકોર, તેમજ શાળાના તમામ શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વેજલપુર પોલીસ સ્ટેશન ના પી.આઈ. જે. વી. પટેલ નું શાળા પરિવાર દ્વારા સાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યાર બાદ વેજલપુર પોલીસ સ્ટેશન ના પી.આઈ. જે વી પટેલ એ પ્રવચન આપ્યું હતું કે, આ શાળા માં જનમેદની જોયા પછી તેઓએ પણ શાળા ના શિક્ષણ ને લઈ ને ગર્વ અનુ ભવ્યો હતો અને શાળા પરિવાર નો શિક્ષણ ને લઈ દિલ થી આભાર વ્યક્ત કર્યો હતો અને શ્રીમતી એસ આર દવે શાળા ના ઉમદાકાર્ય ને લઈ ને જણાવ્યું હતું કે આ શાળા માં વિદ્યાર્થીની શિક્ષણ ની સાથે સાથે વિવિધ પ્રકારની સ્પર્ધામાં ભાગ લેવા ઉત્સાહ છે અને એ ગ્રેડ અને સારા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીનીઓ ને ઈનામો વિતરણ કરી તમામ વિદ્યાર્થીનીઓ નો ઉત્સાહ વધાર્યો હતો અને તેઓ દ્વારા તમામ વિદ્યાર્થીનીઓ જણાવેલ કે કોઈપણ ડર રાખ્યાં વિના પરીક્ષા આપો અને અભિયાસ કરી આગળ પ્રગતિ કરી સરકાર ની વિવિધ યોજનાઓ થકી ડોકટર ઈજનેર બનો અને શાળા ના શિક્ષકો તમારી પાછળ ખૂબ સારી મેહનત કરે છે તેવું પ્રવચન આપી વિદ્યાર્થીનીઓ માં ઉત્સાહ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી જેથી તાળીઓના ગડગડાટ ની ગુંજી ઉઠીયુ હતું ત્યાંર બાદ અશ્વિનભાઈ પટેલ કે.કે.હાઈસ્કૂલ પ્રમુખ સતિષભાઈ શેઠ આચાર્ય હર્ષાબેન.કે.પંચાલ દ્વારા પ્રવચન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આચાર્ય હર્ષાબેન.કે.પંચાલ તેમજ શાળાની શિક્ષકો તમામ વિદ્યાર્થીનીઓની શિક્ષણની સાથે સાથે તેઓના પરિવારની ખબર અંતર રાખે છે અને શાળાની તમામ શિક્ષકો તમામ વિદ્યાર્થીનીઓ ને પોતાની દીકરીઓ સમાન માંની પોતાની દીકરીઓ ની જેમ તેઓ પાછળ ખૂબ મહેનત કરે છે. આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન તરીકે વેજલપુર પોલીસ સ્ટેશન ના પી.આઈ. જે. વી. પટેલ ના હસ્તે એ ગ્રેડ અને સારા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીનીઓ ને ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા. અને સાથે સાથે તેઓના વાલીઓ નું પણ સન્માન કરવામાં આવ્યુ હતું .અને શ્રીમતી એસ આર દવે કન્યા વિદ્યાલય ની વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ થકી પોતાની અંદર રહેલ કલા કૃતિ દેખાડી હતી જેથી ત્યાં હાજર તમામ લોકોએ કાર્યક્રમ ને શાંતિ રીતે નિહાળ્યો હતો. શ્રીમતી એસ.આર.દવે કન્યા વિદ્યાલય શાળા દ્વારા શાળામાં સમગ્ર વર્ષ દરમ્યાન કરેલ કાર્ય અને વિજેતા થનાર વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણ કાર્યક્રમ તેમજ ધો. ૧૦ તેમજ ૧૨ ની દીકરીઓનો વિદાય સમારોહ યોજ્યો હતો.તથા તેમના આવનારા ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી એક સુંદર આયોજન શ્રીમતી એસ.આર.દવે કન્યા વિદ્યાલય ના પટાંગણમાં કરવામાં આવયુ હતું.

# ગોધરા તાલુકાના રીંછરોટા ગામના ૨૨ વર્ષિય યુવકનો ધાણીત્રા ગામે નંબરવાળા કુવામાંથી મૃતદેહ મળી આવ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના રીંછરોડા પરમાર ફળિયામાં રહેતા ૨૨ વર્ષિય યુવક તા.૭ ફેબ્રુઆરીના રોજ પોતાના ઘરેથી નીકળેલ હતો. અને ધાણીત્રા ગામે ખેતરમાં આવેલ નંબરવાળા કુવામાં કોઈ અગમ્ય કારણોસર કુવાના પાણીમાં ડુબી જઈ મરણ ગયાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરા તાલુકાના રીંછરોટા પરમાર ફળિયામાં રહેતા મહેન્દ્રભાઈ મોતીભાઈ પરમાર(ઉ.વ.૨૨)પોતાના ઘરેથી તા.૭ ફેબ્રુઆરીના રોજ શૌચક્રિયા માટે જવાનુ કહી નીકળ્યો હતો. અને પરત ઘરે આવેલ ન હતો. અને તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ તપાસ કરતા ધાણીત્રા ગામે ખેતરમાં આવેલ નંબરવાળા કુવામાં કોઈ અગમ્ય કારણોસર પાણીમાં ડુબી જઈ મરણ ગયેલ હાલતમાં મળી આવ્યો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

# ગોધરા પાંજરાપોળમાં અરિહંત દુકાનમાં લાગેલ આગમાં રૂ.૨૦ લાખનુ નુકસાન

ગોધરા,

ગોધરા શહેરના પાંજરાપોળ રોડ ઉપર આવેલ અરિહંત નામની દુકાનમાં ૧૦ ફેબ્રુઆરીના રોજ આકસ્મિક આગ લાગી હતી. આગને લઈ દુકાનમાં માલસામાન મળી કુલ રૂ.૨૦ લાખનુ નુકસાન થવા પામ્યુ હતુ. આ બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરા શહેરના પાંજરાપોળ રોડ ઉપર આવેલ અરિહંત નામના જનરલ સ્ટોરમાં તા.૧૦ ફેબ્રુઆરીના રોજ આકસ્મિક આગ લાગી હતી. દુકાનમાં આગ લાગવાથી કોસ્મેટિક, પ્લાસ્ટિક ગુડ્સ, સ્કુલબેગ, વોટર બેગ, ઈલેકટ્રીક આઈટમ, સહિતનો માલસામાન અને ફર્નિચર તેમજ સાહિત્ય બળીને અંદાજિત રૂ.૨૦ લાખનુ નુકસાન થવાની ફરિયાદ ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ગોધરા તાલુકાના છકડીયા ચોકડી પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા મહુધાના દંપતિને ઈજાઓ

ગોધરા,

ગોધરા તાલુકાના છકડીયા ચોકડી પાસે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મહુધાના દંપતિને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ગોધરા તાલુકાના છકડીયા ચોકડી પાસે રોડ ઉપરથી મહુધાના રહિશ ભીખાભાઈ ઝાલા તેમની પત્નિ લીલાબેન સાથે બાઈક ઉપર સંતરામપુર ખાતે પોતાની સાસરીમાં જઈ રહ્યા હતા. ત્યારે ચોકડી પાસે સામેથી આવતી બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે, ભીખાભાઈ ઝાલા સામાન્ય ઈજાઓ જયારે લીલાબેન ઝાલાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં.૩૯૭/૨૦૨૫ તા :૧૨/૦૨/૨૦૨૬

અરજદારઃ ગણાવા નુરાભાઈ વાલચંદભાઈ રહે.ઝરી બુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ

-:: જાહેર નોટીસ ::-

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.. આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ગણાવા નુરાભાઈ વાલચંદભાઈના પુત્ર ગણાવા સુનિલભાઈ નુરાભાઈનો જન્મ તા.૨૪/ ૧૧/ ૨૦૦૫ નારોજ ગામ.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૧૨/૦૨/૨૦૨૬
સ્થળ : ગરબાડા

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં,

કેસ.નં.૭૦૮/૨૦૨૫ તા :૧૬/૧૨/૨૦૨૫

અરજદારઃ માવી મડુભાઈ રમેશભાઈ રહે. ચીલાકોટા, તા. લીમખેડા,જી.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી ચીલાકોટા,તા.લીમખેડા,જી.દાહોદ

-:: જાહેર નોટીસ ::-

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમા અરજદાર માવી મડુભાઈ રમેશભાઈના તેમના પુત્ર નામે માવી આયુષભાઈ મડુભાઈનો જન્મ તા.૧૮/૦૪/૨૦૧૫ના રોજ ચીલાકોટા અને પુત્રી નામે માવી અરવિંદાબેન મડુભાઈનો જન્મ તા.૦૫/૦૧/૨૦૧૭ના રોજ ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્ર અને પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર અને પુત્રીના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો. આજ તા.૧૦મી માહે ૧૨ -સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર લીમખેડા

નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલપસર વિભાગ
(ગુજરાત સરકાર) ''ટૂંકી નિવિદા'' સને ૨૦૨૫-૨૬
(ઓફલાઈન)

આથી ટૂંકી નિવિદા આપવામાં આવે છે કે જિલ્લા પંચાયત હસ્તકની કચેરી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ-લુણાવાડા હસ્તકના તળાવોના Assessment of storage capacities of Reservoirs (Bathymetry Survey Topography Survey) of various MI Scheme under Panchayat Irrigation Division, Lunawada, District: Mahisagar . જેની અંદાજિત કિંમત ૨.૮૩ લાખ છે. સદર કામગીરી તાત્કાલિક કરવાની હોય, સક્ષમ ઈજારદારશ્રીઓ પાસે ઓફલાઈન ભાવ પત્રક મંગાવામાં આવે છે. જે અત્રેની નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી નાની સિંચાઈ પેટા વિભાગ સંતરામપુર,BSNI. ઓફીસ પાછળ, જુના માર્કેટયાર્ડ સંતરામપુરની કચેરીથી ટેન્ડર કોપી ના :- ૧૮/૦૨/૨૦૨૬ ૧૫ : ૦૦ કલાક પહેલા મેળવી તા :- ૨૫/૦૨/૨૦૨૬ ૧૮ : ૦૦ કલાક પહેલા ભરેલા ભાવ પત્રક આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મળી જાય તેમ મોકલી આપવા જણાવવામાં આવેલ છે

નોંધ :- રજીસ્ટ્રેશન (E1 or Above), બેંક સોલવન્સી, જી.એસ.ટી સર્ટીફીકેટ, પાન કાર્ડ, છેલ્લા ૩ (ત્રણ) વર્ષનાં IT Return, સમકક્ષ કામગીરી પૂર્ણ કરેલ હોય અનુભવના ફોર્મ (3A) ઉપરોક્ત દસ્તાવેજો રજુ કરેથી ટેન્ડર કોપી આપવામાં આવશે

(માહીતી/ગોધરા/૧૦૦૭/૨૬)

# બોડેલીના ગરનાળા પાસે આર્યુવેદિકની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા

બોડેલી,

બોડેલીમાં ગરનાળા પાસે આવેલી આર્યુવેદની દુકાનમાં સમી સાંજે તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનના સીસીટીવી એલાર્મ વાગતા દુકાન પર મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જતાં તસ્કરો ભાગી ગયા હતા.

બોડેલી ગરનાળા પાસે આવેલી ખોડિદાસની દુકાનમાં તસ્કરો ઘુસતા દુકાનના સીસીટીવીનુ એલાર્મ વાગતા દુકાન માલિક પર મોબાઈલમાં જાણ થતાં તાત્કાલિક દુકાને દોડી આવ્યા હતા. આજુબાજુના વિસ્તારમાંથી લોકો ઉમટી પડ્યા હતા. અને બોડેલી પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. દુકાનમાં તપાસ કરતા અને બુમાબુમ થતાં તસ્કરો ભાગી ગયા હતા. ધાબા પર લોખંડના સળિયા કાપેલા મળી આવ્યા હતા. સીસીટીવીમાં એક તસ્કર કેદ થયો હતો.